ओ३म्



।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર

यादरखना, दुसरे की भूल को जो माफ कर सकता है,
वही अपने को साफ रख सकता है।

| | | |
|---|---|---|
| સૃષ્ટિ સંવત | : | ૧,૯૬,૦૮,૫૩,૧૧૪ |
| વિક્રમ સંવત | : | ૨૦૭૦ |
| દયાનન્દાબ્દ | : | ૧૮૯ |
| વર્ષ | : | ૧ |
| અંક | : | ૬ (નવેમ્બર - ૨૦૧૩) |
| વાર્ષિક શુલ્ક | : | ૧૦૦ |
| પૃષ્ઠ સંખ્યા | : | ૮ |


## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાની અંતરંગ બેઠક સંપન્ન આર્યસમાજના વિકાસ માટે લેવાયેલા નિર્ણયો

ગુજરાત પ્રાંતિય આર્ય પ્રતિનિધિ સભાની સત્ર ૨૦૧૩-૧૬ ની અંતરંગ સભાની દ્વિતીય બેઠક આર્યસમાજ જામનગર ખાતે યોજાય ગઈ. સભા પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયેલ આ બેઠકમાં આર્યસમાજના વિકાસ માટે વિસ્તારથી ચર્ચા-વિચારણા કરવામાં આવી તેમજ રાષ્ટ્રની સમસ્યાઓનું ચિંતન કરવામાં આવ્યું

ગાંધીધામ મુકામે યોજાયેલ ચિંતન શિબિરને સૌએ સફળ પ્રયોગ બતાવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો કે દર છ મહિને ચિંતન શિબિરનું આયોજન કરવું તેમજ આર્યસમાજોમાં પુરોહિત તરીકે કાર્ય કરનાર માટે આગામી માર્ચ ૨૦૧૪ ના બીજા સપ્તાહમાં પુરોહિત કાર્યશાળા રાખવા નિર્ણય લેવામાં આવ્યો બેઠકમાં વેદ પ્રચારને વેગ આપવા પણ ગંભીર વિચારણા થઈ. વિવિધ ઉપાયો રજુ થયા દૂર-દૂરનાં ગામડાઓ સુધી વૈદિક સાહિત્ય-પત્રિકાઓ પહોંચાડવા પ્રચારવાહનની ભાડેથી વ્યવસ્થા કરવી, ઉપદેશકને સાથે મોકલવા નિર્ણય લેવામાં આવ્યોબેઠકમાં ધર્માંતરણની ગંભીર સમસ્યાની પણ નોંધ લેવામાં આવી તેમજ તે માટે સભા દ્વારા યોગ્ય કાર્યક્રમ ઘડી કાઢવા નક્કી થયું.




## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આગામી ડિસેમ્બરમાં યોજાશે આર્ય પરિવાર સ્નેહ મિલન

પ્રાંતીય સભા દ્વારા ગુજરાતમાં વસતા આર્ય પરિવારોનું સ્નેહ મિલન આગામી તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર, ૨૦૧૩ના વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે રાખવામાં આવેલ છે. દરેક પરિવારે તા. ૨૭ ડિસે. ૨૦૧૩ના રોજ સાંજે ૫:૦૦ સુધીમાં પહોંચવાનું રહેશે અને તા. ૨૯ ડિસે. ૨૦૧૩ના રોજ બપોરે ૧:૦૦ કલાકે કાર્યક્રમ પૂર્ણ થશે.

વધુમાં વધુ સંખ્યામાં આર્ય પરિવારો ભાગ લે તેવાં પ્રયત્નો કરવા વિનંતી. આ સ્નેહ મિલનમાં વિવિધ સન્માન અને પરિવારોપયોગી કાર્યક્રમો યોજાશે. દરેક આર્યસમાજોને વિનંતી કે નીચેની બાબતો ધ્યાને લઈ જરૂરી માહિતી તથા આપને ત્યાંથી કેટલી સંખ્યા ક્યો સમયે પહોંચશે તેની જાણકારી તા. ૨૫ નવેમ્બર ૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી.

નીચેની માહિતી મોકલવા વિનંતી.

૧. **વિદ્યાર્થી પ્રતિભા સન્માન :** આ માટે આપના આર્ય સદસ્યો/આર્ય સભાસદોના સંતાનોની ધો. ૧૦,૧૨ સ્નાતક (ત્રીજુ વર્ષ) અનુસ્નાતક (બંને પાર્ટ) અન્ય વિશેષ પરીક્ષાઓ (જે લાગુ પડતી હોય તે) શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૦૩માં આપેલ હોય અને ઉત્તિર્ણ કરેલ હો તેમના ગુણ પત્રકની નકલ.

૨. **આર્ય દંપતી સન્માન :** આ માટે જે આર્ય સદસ્યો/સભાસદોએ પોતાના લગ્ન જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેમના નામ.

૩. **આર્યપરિવાર વૈદિકકીરણ સન્માન :** આ સન્માન માટે જે આર્યપરિવાર સંપૂર્ણ વૈદિકધર્મી હોય, પરિવારમાં કોઈ અવૈદિક (પૌરાણિક) કર્મકાંડ ન થતા હોય તેમજ બહાર પણ કોઈ અવૈદિક વિધિ-વિધાનમાં ભાગ ન લેતા હોય, તથા અગ્નિહોત્ર અને સંધ્યા નિયમિત કરતા હોય તેમના પત્રક ભરાવી આર્યસમાજના પ્રમુખ અને મંત્રીના પ્રમાણપત્ર સાથે મોકલવા.

૪. **વિશિષ્ટ આર્ય મહિલા સન્માન :** જે આર્ય મહિલા સમાજોયોગી કાર્યો, યજ્ઞ પ્રચાર વગેરે કાર્યો, વ્યવસાય સાહસિક્તા, ધાર્મિક સુધારણા, સમાજ સુધારણા જેવા કાર્યો પૈકી કોઈ એક અથવા વધુ કાર્ય કરતા હોય તેમના નામ કાર્યોની વિગત સાથે મોકલવા.

૫. **વિશિષ્ટ આર્યવીર/વીરાંગના યુવક/યુવતીનું સન્માન :** આર્યસમાજ અને વૈદિક ધર્મોના પ્રચારમાં વિવિધ સાધનો જેવા કે સાહિત્ય વિતરણ, યુવા ગોષ્ઠી, ઈન્ટરનેટ, વગેરે વડે પ્રચાર-પ્રસારમાં યોગદાન આપનાર તેમજ કોઈ સાહસિક કાર્ય કરનારનાં નામ કાર્યની વિગત સાથે મોકલવા.

૬. **પ્રશ્ન મંચ :** આર્ય સંતાનો અને આર્યવીરો-વીરાંગનાઓ (વય કક્ષા ૧૩ થી ૧૬) નો પ્રશ્નમંચ (સ્પર્ધા) રહેશે. જેમાં બાળકોને મહર્ષિ દયાનંદ જીવન અને કાર્ય, વૈદિક ધર્મના સિદ્ધાંતો અને સામાન્ય જ્ઞાનના તેમના વય મુજબના મધ્યમ કક્ષાનાં પ્રશ્નો પુછાશે. સ્પર્ધકની સંખ્યા વધુ થશે તો સ્થળ પર જ પ્રથમ લેખિત રાઉન્ડ રહેશે. જેમાંથી સૌથી વધુ ગુણ મેળવનાર ૧૫ સ્પર્ધકોનો મૌખિક રાઉન્ડ યોજાશે.

સંદર્ભ તરીકે મહર્ષિ દયાનંદ જીવન ચરિત્ર (ગુજરાતી) લેખક દયાલમુનિ તથા પ્રાચીન વૈદિક સિદ્ધાંતિક જ્ઞાન (લેખક આચાર્ય જ્ઞાનેશ્વરજી) નો ઉપયોગ કરી શકાશે.ભાગ લેવા ઈચ્છનારાના નામ, જન્મ તારીખ સાથે મોકલવા.

૭. **સાંસ્કૃતિક કાર્યક્રમ :** આર્યસંતાનો/આર્યવીરોનો વૈદિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેની કુલ સમય મર્યાદા ૧ કલાક રહેશે. ભાગ લેવા ઈચ્છનારાના નામ-વિગત મોકલવી. કાર્યક્રમ આપનારા વધુ નામો આવશે તો પસંદગી કરી રજુઆત માટે સમય આપવામાં આવશે.

તારીખ : ૨૫ નવેમ્બર સુધીમાં સંખ્યા અને ઉપરોક્ત માહિતી પહોંચતી કરવા પુનઃ વિનંતી.

ઉપરોક્ત કાર્યક્રમો અંગે વધુ જાણકારીની જરૂર હોય તો ફોનથી પૂછવું. સર્વ આર્ય પરિવારો ઉત્સાહપૂર્વક સ્નેહમિલનમાં ભાગ લેશે તેવી અપેક્ષા સહ.


-હસમુખ પરમાર (સભામંત્રી)
મો. ૯૮૭૯૩ ૩૩૩૪૮

# अग्ने व्रतपते व्रतं चरिष्यामि तच्छकेयं तन्मे राध्यताम्।
# इदमहमनृतात् सत्यमुपैमि ।।

( यजुर्वेदभाष्य अ.१/मं.५)

**व्याख्यान १.**

इस मन्त्र का अभिप्राय यह है कि सब मनुष्य लोग ईश्वर के सहाय की इच्छा करें, क्योंकि उसके सहाय के बिना धर्म का पूर्ण ज्ञान और उसका अनुष्ठान पूरा कभी नहीं हो सकता।

हे व्रतपते ! सत्यपते परमेश्वर ! (व्रतं) मैं जिस सत्यधर्म का अनुष्ठान करना चाहता हूँ उसकी सिद्धि आपकी कृपा से ही हो सकती है। श.ब्रा. में इस मन्त्र का अर्थ लिखा है कि ''जो मनुष्य सत्य के आचरणरूप व्रत को करते हैं वे 'देव' कहाते हैं, और जो असत्य का आचरण करते हैं उनको 'मनुष्य' कहते हैं। इसलिए मैं सत्यव्रत का आचरण करना चाहता हूँ। (तच्छेकयं) मुझ पर आप ऐसी कृपा कीजिए कि जिससे मैं सत्यधर्म का अनुष्ठान पूरा कर सकुँ। (तन्मे राध्यताम्) उस अनुष्ठान की सिद्धि करने वाले एक आप ही हो। सो कृपा से सत्यरुप धर्म के अनुष्ठान को सदा के लिए सिद्ध कीजिए। (इदमहमनृतात्.) सो यह व्रत है जिसको मैं निश्चय से चाहता हूँ कि उन सब असत्य कामों से छूट के सत्य के आचरण करने में सदा दृढ रहूँ।

परन्तु मनुष्य को यह करना उचित है कि ईश्वर ने मनुष्यों में जितना सामर्थ्य रखा है, उतना पुरुषार्थ अवश्य करें। उसके उपरान्त ईश्वर के सहाय की इच्छा करनी चाहिए। क्योंकि मनुष्यों में सामर्थ्य रखने का ईश्वर का यही प्योजन है कि मनुष्यों को अपने पुरुषार्थ से ही सत्य का आचरण अवश्य करना चाहिए। जैसे कोई मनुष्य आँख वाले पुरुष को ही किसी चीज को दिखला सकता है, अंधे को नहीं। इसी रीति से जो मनुष्य सत्यभाव पुरुषार्थ से धर्म को करना चाहता है, उस पर ईश्वर भी कृपा करता है अन्य पर नहीं। क्योंकि ईश्वर ने धर्म को करने के लिये बुद्धि आदि साधन जीव के साथ रखें हैं। जब जीव उनसे पूर्ण पुरुषार्थ करता है, तब परमेश्वर भी अपने सब सामर्थ्य से उस पर कृपा करता है, अन्य पर नहीं। क्योंकि सब जीव कर्म करने में स्वाधीन और पापों के फल भोगने में कुछ पराधीन भी हैं।

(ऋ.भा.भू. वेदोक्तधर्मविषय)

**व्याख्यान २.**

हे सच्चिदानन्द स्वप्रकाशस्वरूप ईश्वराग्ने ! ब्रह्मचर्य, गृहस्थ, वानप्रस्थ, संन्यासादि सत्यव्रतों का आचरण मैं करूँगा। सो इस व्रत को आप कृपा से सम्यक् सिद्ध करें तथा मैं अनृत = अनित्य देहादि पदार्थो से पृथक् होके इस यथार्थ = सत्य जिसका कभी व्यभिचार = विनाश नहीं होता, उस विद्यादिलक्षण धर्म को प्राप्त होता हूँ। इस मेरी इच्छा को आप पूरी करें जिससे मैं सभ्य, विद्वान्, सत्याचरणी आप की भक्तियुक्त धर्मात्मा होऊँ।

(आर्याभिविनय)

**पदार्थ (अन्वय सहित) –**

हे (व्रतपते) सत्यभाषणादि व्रतों के पालक ! (अग्ने) सत्यधर्म के उपदेशक ईश्वर ! (अहम्) धर्म, अर्थ, काम व मोक्ष को प्राप्त करने की इच्छा वाला मैं जो (इदम्) इस सत्यव्रत को (अनृतात्) मिथ्याभाषण, मिथ्याचरण, मिथ्या बात को मानने से अलग होकर (सत्यम्) जो वेद विद्या, प्रत्यक्षादि प्रमाणों, सृष्टिक्रम, विद्वानों का संग, श्रेष्ठ विचार और आत्म शुद्धि के द्वारा जो भ्रान्ति से रहित, सबका हितकारक, तत्त्व–निष्ठ सत्प्रभव है और जो अच्छी प्रकार परीक्षा करके निश्चय किया जाता है, जो (व्रतम्) सत्य भाषण, सत्याचरण, सत्यमानना रुप व्रत है उसका (चरिष्यामि) पालन करूँगा (तत् मे) मेरे उस व्रत का अनुष्ठान और पूरा होना आपकी कृपा से (राध्यताम्) सिद्ध हो। जिसे (उपैमि) जानने, प्राप्त करने व आचरण में लाने के लिए (शकेयम्) समर्थ होऊँ (तत्) वह व्रत भी सब आपकी कृपा से (राध्यताम्) सिद्ध हो।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.१/मं.५)

**भावार्थ :**

ईश्वर सब मनुष्यों के पालन करने योग्य धर्म का उपदेश करता है जो न्याय, पक्षपातरहित, सुपरीक्षित, सत्य लक्षणों से युक्त, सर्वहितकारी, इस लोक व परलोक के सुख का हेतु है वही धर्म सब मनुष्यों को सदा आचरण करने योग्य है और जो इससे विरुद्ध अधर्म है उसका आचरण कभी किसी को नहीं करना चाहिए। इस प्रकार सब प्रतिज्ञा करें – हे परमेश्वर ! हम वेदों में आप से उपदिष्ट इस सत्यधर्म का आचरण करना चाहते हैं। यह हमारी इच्छा आपकी कृपा से अच्छी प्रकार सिद्ध होवे। जिससे हम अर्थ, काम, मोक्ष रूप फलों को प्राप्त कर सके और जिससे अधर्म को सर्वथा छोडकर अनर्थ, कुकाम, बन्धरुप दुःख फल वाले पापों को छोडने और छुडाने में समर्थ होवें।

जैसे आप सत्यव्रतों के पालक होने से व्रतपति हैं वैसे ही हम भी आपकी कृपा से, अपने पुरुषार्थ से यथा शक्ति सत्य व्रत के पालक बनें। इस प्रकार सदा धर्म करने के इच्छुक, शुभ कर्म करने वाले होकर सब सुखों से युक्त व सब प्राणियों को सुख देने वाले बने। ऐसी इच्छा सब सदा किया करें।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.१/मं.५)

– संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
दर्शन योग महाविद्यालय – रोजड

# આર્યસમાજ ટંકારાના પાંચમાં વેદપ્રચાર અભિયાનનો પૂર્ણાહુતિ કાર્યક્રમ અને યુવા ગોષ્ઠી યોજાઈ

આર્યસમાજ ટંકારા દ્વારા દર વર્ષે શ્રાવણ અને ભાદરવા માસ માં દ્વિમાસિક વેદ પ્રચાર અભિયાન ચલાવવામાં આવે છે. જે અંતર્ગત દરરોજ વિવિધ પરિવારોમાં યજ્ઞ અને સત્સંગનું આયોજન કરવામાં આવે છે અને વેદોનો સંદેશ પહોંચાડવામાં આવે છે. લોકો ઉત્સાહ થી આમંત્રણ આપે છે. આસ-પાસના પરિવારજનો પણ તેમાં જોડાય છે. પ્રશ્નોત્તરી પણ કરવામાં આવે છે. અનેક પરિવારો અંધમાન્યતાઓને ધીરે-ધીરે તિલાંજલિ આપવા લાગ્યા છે તેમજ કેટલાંક પરિવારો નિયમિત યજ્ઞ પણ કરતા થયા છે.







ચાલુ વર્ષનું વેદપ્રચાર અભિયાન પૂર્ણ થતા પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં પોતાને ત્યાં યજ્ઞ સત્સંગનું આયોજન કરનાર તમામ યજમાન પરિવારો એ વિવિધ યજ્ઞ કુંડ પર બિરાજી સામૂહિક યજ્ઞ કર્યો અને આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ વેદ પ્રચાર અભિયાનમાં સહયોગ આપનાર મુખ્ય બહેનો નિતાબેન કોરિંગા અને પ્રભાબેન મનીપરા એ પ્રેરક વિચારો રજુ કર્યા.



આ પ્રસંગે ખાસ આમંત્રિત આચાર્ય અજયજી દર્શનાચાર્ય (આચાર્ય વૈદિક ગુરુકુળ સોનીપત-હરિયાણા) એ મનનીય ઉદબોધન કર્યુ અને વૈદિક ધર્મ ની શ્રેષ્ઠતાને જન-જન સુધી પહોંચાડવા ચાલતા આ અભિયાનને બિરદાવ્યું.

કાર્યક્રમના બીજા સત્રમાં યુવાગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આર્યસમાજ સાથે સંકડાયેલા તેમજ નહીં સંકડાયેલા એમ બંને પ્રકારના યુવાનોને આમંત્રણ આપવામાં આવ્યુ હતું. યુવાનો સમક્ષ સામાજિક અને રાષ્ટ્રીયકક્ષાના સાંપ્રત પ્રશ્નો રજુ કરવાનો ઉદ્દેશ્ય હતો. યુવાશકિતના થઈ રહેલા અપવ્યય અને હ્રાસને રોકી રચનાત્મમાર્ગે વાળવાનો આ પ્રથમ પ્રયાસ હતો, જે મહદ્ અંશે સફળ રહ્યો. આશરે ૧૦૦ જેટલા યુવાવયના આ ગોષ્ઠીમાં જોડાયા જેઓની સાથે આચાર્ય અજયજીએ સંવાદાત્મક શૈલીમાં ગોષ્ઠી કરી. યુવકોએ પોતાના મંતવ્યો રજુ કર્યા. તેમજ ભવિષ્યમાં આવી ગોષ્ઠી ચાલુ રાખવા સંમતિ આપી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આર્યવીરદળ ટંકારાના આર્યવીરોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા શ્રીકૃષ્ણ જન્મામીની ઉજવણીસંપન્ન.

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદની પવિત્ર યજ્ઞશાળામાં તા.૨૮-૦૮-૨૦૧૩ ને બુધવારના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટી પર્વ નિમિત્તે પર્વ-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ચરોતરના વિવિધ ગામોમાંથી આર્યજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પર્વ-યજ્ઞ પ્રસંગે યોગીરાજ શ્રીકૃષ્ણજીના જીવનમાંથી પ્રેરણા લઈને ઉચ્ચ જીવન બનાવવાનું આહ્વાન પં. વિજયકુમાર આર્યજનોને કર્યું હતું તથા તેજ-બળ-સાહસ પ્રાપ્તિ હેતુ વેદમંત્રોની આહુતિ સર્વજનોએ પવિત્ર અગ્નિમાં અર્પી હતી.

આ પ્રસંગે યોગાપેથી નિષ્ણાત ર્ડા. રવિ સી. આર્યએ આહુતિમુદ્રા અંગેની સમજ આપીને તેનાથી થતા લાભો વિશે વિસ્તૃત છણાવટ કરતાં જણાવ્યું કે- આ મુદ્રા પ્રાચીન યજ્ઞપદ્ધતિમાં વ્યહારરૂપે ઉપયોગમાં લાવવામાં આવતી હતી. આ મુદ્રાના સમસ્ત અવયવ સામગ્રી અને ઘી વગેરેની આહુતિ આપવા હેતુ યજ્ઞમાં પ્રયોજાતા હતા. આપણાં હાથની પાંચ આંગળીઓ પંચતત્વનું પ્રતિનિધિત્વ કરે છે. જયારે આપણે પાંચેય આંગળીઓના ટેરવાંને એકસરખી સપાટી પર આકાશ તરફ મેળવી
છીએ ત્યારે આહુતિમુદ્રા બને છે. આ મુદ્રા મનોશારીરિક વ્યાધિ, અનિદ્રા, ચિંતા, તણાવ, પેટમાં ચુક આવવી, કાકડા (ટોન્સીલ) , મૃત્યુ - ભય (અભિનિવેશ) તથા તણાવ જનિત રોગનો રામબાણ ઈલાજ છે. આ મુદ્રાની શરીરવિજ્ઞાનના પરિપેક્ષ્યમાં ચિકિત્સકીય ઉપયોગિતા પ્રાયમરી ત્રિટોર કોર્ટેક્ષ ઓફ હયુમન બ્રઈનની હાઈપર એકટીવીટીને નિયંત્રિત કરવાનું છે. આનો ઉલ્લેખ મુદ્રાવિજ્ઞાન, આરોગ્ય પદ્ધતિ, પદ્માવતી ભૈરવ કલ્પમાં ખાસ કરીને જોવા મળે છે.

પર્વ-યજ્ઞમાં સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા, માનદ્‌મંત્રીશ્રી આર્કિ. અશોકભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, ખજાનચીશ્રી નટવરસિંહજી રાજ, કા.સભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાજ વગેરેએ ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પર્વ-યજ્ઞમાં આવેલા મહાનુભાવોએ યજ્ઞ સામગ્રી પ્રદર્શન રસપૂર્વક નિહાળ્યું હતું.

# આર્યસમાજ નડીયાદ દ્વારા સંસ્કાર સંપન્ન

(૧) આર્ય સમાજ-નડીયાદ નાં ટ્રસ્ટી શ્રી કનુભાઈ એસ. શાસ્ત્રીનાં સુપુત્ર શ્રી દક્ષેશના ધર્મપત્ની અ.સૌ. અંકિતાનો સીમન્તોનયન સંસ્કાર તા.૧૦/૧૦/૨૦૧૩ ને મંગળવાર સવારે ૧૦ થી ૧૨ નાં સમયે શુભ-યજ્ઞ કરીને સીમન્તસંસ્કાર કરવામાં આવેલ. જેનાં યજ્ઞ બ્રહ્માપદે શ્રી દિનેશચંદ્ર આચાર્ય રહેલ. જેઓએ સીમન્તસંસ્કારનું મહત્વ સમજાવ્યું અને આપણે સૌ આર્યજન આવા જ ઘરની અંદર શુભ પ્રસંગો સંસ્કારો યજ્ઞ દ્વારા ઉજવીએ. જેથી સંસ્કારનું મહત્વ ધાર્મિકજનો સુધી પહોચાડી શકાય. આજના યુગમાં સીમન્ત તેમજ અન્ય સંસ્કારો રીતિરિવાજ મુજબ ગામડાઓમાં ચાલે છે. વૈદિક સંસ્કારોથી નથી થતાં પણ આજે આણંદ તાલુકાનાં સામરખા ગામમાં આર્યસમાજ દ્વારા જ બધા સંસ્કારો કરવામાં આવે છે. જેનો શ્રેય શ્રી કનુભાઈ શાસ્ત્રી ને જાય છે. આ શુભ પ્રસંગે નડીયાદ આર્યસમાજનાં મંત્રીશ્રી વિજયભાઈ ચૌહાણ તથા અન્ય ટ્રસ્ટીગણ, કોષાધ્યક્ષશ્રી યોગશભાઈ ગાંધી પ્રમુખશ્રી દેવીન પટેલ તથા આર્ય સભ્યો ઉપસ્થિત રહી સૌભાગ્ય વતીને શુભ આશીર્વાદ પાઠવ્યા.

મંત્રીશ્રીએ જણાવેલ કે ઉમદા કાર્ય અને વેદ ધર્મનો પ્રચાર-
પ્રસાર શ્રી કનુભાઈ શાસ્ત્રીના બંને ભાઈ તથા પરિવાર આર્ય સમાજ છે. જે દરેક શુભકાર્ય યજ્ઞથી સમ્પન્ન કરતાં આવ્યા છે. તે બદલ આર્ય સમાજ-નડીયાદના મંત્રી તરીકે સૌ વતી સપરિવરનો આભાર વ્યકત કરું છું અને સાથે ચિ. અંકિતા ને સૌભાગ્ય વતીનાં આર્શીવાદ પાઠવું છું.

(૨) તા. ૧૭/૧૦/૨૦૧૩ ગુરુવારના રોજ બાવળા મુકામે શ્રી પ્રશાંતભાઈ શાસ્ત્રીના દ્વારા આર્ય સમાજ-નડીયાદનાં મંત્રી શ્રી વિજયભાઈ ચૌહાણની સુપુત્રી અ. સૌ. પ્રજ્ઞા નો સીમન્ત સંસ્કાર-સવારે ૧૦:૦૦ વાગે સમ્પન્ન કરેલ. જેમાં શુભયજ્ઞ કરીને સીમન્ત સંસ્કારનાં વેદમંત્રો દ્વારા આહુતિ આપેલ શ્રી પ્રશાંતભાઈ શાસ્ત્રીએ કરાવેલ બાવળા મુકામે જેમાં સગાં, સંબંધી તથા આર્ય સમાજ-નડીયાદ સભ્યોશ્રી, ટ્રસ્ટીગણ હાજર રહી અ. સૌ. પ્રજ્ઞાને શુભ આર્શીવાદ પાઠવેલ.

કાર્યક્રમ બાદ શાંતિપાઠ જયઘોષ સાથે સુસમ્પન્ન થયો.

ત્યારબાદ બંને કાર્યક્રમના પરિવાર તરફથી ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

# वैदिक साधन आश्रम, तपोवन के २३ से २७ अक्तुबर तक आयोजित शरदुत्सव

देहरादुन २६ अक्तुबर। वैदिक साधन आश्रम, तपोवन के २३ से २७ अक्तुबुर तक आयोजित शरदुत्सव के तीसरे दिन आज प्रातः ६:३० बजे से यज्ञ हुआ। यज्ञ प्रेमी श्रद्धालुओं की सुविधा के लिए मुख्य यज्ञशाला के साथ में ४ अतिरिक्त वृहत्त यज्ञ कुण्ड स्थापित कर यज्ञ हुआ जिसमें बडी संख्या में दूर दूर से तपोवन पधारे श्रद्धालुओं में वेद मन्त्रों से यज्ञाग्नि में सुगन्धीत घृत एवं यज्ञ सामग्री की आहुतियाँ दी। यज्ञ के ब्रह्मा आर्यजगत के उच्च कोटि के विद्वान योगाचार्य एवं संन्यासी स्वामी दिव्यानन्द सरस्वती थे। बाबा गुरुमुख दास द्वारा स्थापित वैदिक साधन आश्रम तपोवन में वर्ष दो बार ग्रीष्मोत्सव व शरदुत्सव का आयोजन किया जाता है जिसमें दूरस्थ स्थानों के श्रद्धालु भाग लेते हैं। आज के मुख्य वक्ता आचार्य ब्रह्मदत्त कोलकत्ता थे। अपने प्रवचन में उन्होंने समाधि का उल्लेख किया और कहा कि ईश्वर प्रणिधान करने से ईश्वर का साक्षात्कार होता है। ईश्वर प्रणिधान पर प्रकाश डालते हुए उन्होंने कहा कि जो व्यक्ति जीवन के सभी कार्यो को करते हुए हर क्षण ईश्वर को स्मरण रखता है वा उसे भूलता नहीं है उसे ईश्वर की प्राप्ति होती है। ईश्वर, ज्ञान का भण्डार है एवं अविद्यादि सभी क्लेशों से रहित है। संसार में ईश्वर ही पूजनीय व उपासनीय है और उसके सान्निध्य व ध्यान से ही सभी दुःख व दुर्गुण दूर होकर सद्‌गुणों व आनन्द की उपलब्धि होती है। उन्होंने अपने अनुसंधान कार्यो का उल्लेख कर बताया कि एक बार अध्ययन करने के लिए वह पागलों के बीच में भी रहे हैं। उन्होंने बताया कि मस्तिक पर अत्याधिक भार डालने तथा प्रेम आदि में असफल रहने के कारण मनुष्य पागल हो जाते हैं। विद्वान वक्ता ने बताया कि चित्त की वृत्तियों का निरोध कर लेने पर आत्मा अपने स्वरूप व ईश्वर में स्थित हो जाता है। आचार्य ब्रह्मदत्त जी ने बताया कि पुरुषार्थ का फल अवश्य मिलता है। योगाभ्यासी को दीर्धकाल तक निरन्तर अभ्यास करने से ईश्वर का साक्षात्कार होता है। आर्यसमाज के विद्वान आचार्यजी ने कहा कि संसार एक नदी है जिसे पार करने के लिए पाप की गठली छोडकर पुण्यकर्मो को करके ही नदी को पार किया जा सकता है। उन्होंने कहा कि यज्ञ की अग्नि यज्ञ करने वालों को संसारिक व पारलौकिक सफलताओं के शिखर पर पहुंचा देती है।





प्रवचन से पूर्व आर्य जगत के प्रसिद्ध भजनोपदेशक दिनेश पाथिक, अमृतसर के दो भजन हुए। ''मानव तू अगर चाहे दुनिया को हरा देना, पर ईश्वर के दर पर सर अपना झुका देना'' तथा ''चली जा रही है यह जीवनकी रेल, समझ कर खिलौना इसे युं न खेल'' भजनों पर श्रोता व श्रद्धालु भाव विभोर होकर झूमने लगे। सत्संग की समाप्ति से पूर्व यज्ञ के ब्रह्मा स्वामी दिव्यानन्द सरस्वती ने यजमान याज्ञिक सत्संगियों को सम्बोधित किया और आशीर्वाद दिया। तपोवन आश्रम के मन्त्री श्री प्रेम प्रकाश शर्मा ने कार्यक्रम से संबंधित सूचनायें दी जिसके पश्चात शान्ति पाठ के वेद मन्त्र से सत्रावसान हुआ।

– मनमोहन कुमार आर्य

आर्य लेखक व समालोचक, देहरादुन।

# સ્વામી દયાનંદ – મારા ગુરુ

સ્વામી દયાનંદ મારા ગુરુ છે. સંસારમાં મેં ફક્ત તેમને જ મારા ગુરુ માન્યા છે. આર્યસમાજ મારી માતા છે. આ બંનેની ગોદમાં હું ખેલ્યો છું. મારા હૃદય અને મસ્તિકષ્ક બંનેને તેમણે ઘડયા છે. મારા ગુરુ એક મહાન સ્વતંત્ર મનુષ્ય હતા. તેનું મને અભિમાન છે. તેમણે મને સ્વતંત્રતાપૂર્વક વિચાર કરતા શિખવાડયું... મારા જીવનનો જે હિસ્સો ખરાબ છે તે મારો પોતાનો છે. એ કાં તો મને વારસામાં મળ્યો છે અથવા તો મારા પૂર્વજન્મના સંસ્કારોનું ફળ છે. પરંતુ મારા જીવનનો જે હિસ્સો સારો અને લોકોની પ્રશંસા યોગ્ય છે, તે બધુ આર્યસમાજની દેણ છે.



આર્યસમાજે મને વૈદિક ધર્મને પ્યાર કરવાનું શીખવ્યું. આર્યસમાજે મને પ્રાચીન આર્ય સભ્યતાનું ભાન કરાવ્યું. આર્યસમાજે પ્રાચીન આર્યો સાથે મારો સંબંધ જોડયો અને મને તેમનો સેવક બનાવ્યો. આર્યસમાજે મને જાતિને પ્યાર કરવાનું શીખવ્યું. આર્યસમાજે મને કુરબાનીનો માર્ગ બતાવ્યો. આર્યસમાજે મારામાં સત્ય, ધર્મ અને સ્વતંત્રતાનો પ્રાણ ફૂંક્યો. આર્યસમાજે મને સંગઠનનો પાઠ ભણાવ્યો. આર્યસમાજે મને શિક્ષા આપી કે સમાજ, ધર્મ અને દેશની સેવા કરવી જોઈએ અને તેની સેવામાં જે મનુષ્ય બલિદાન કરે છે. અને દુઃખ ઉઠાવે છે તેને સ્વર્ગનું રાજ્ય મળે છે.

મેં સાર્વજનિક સેવાના સઘળા પાઠ આર્યસમાજમાં જ રહીને આર્યસમાજ પાસેથી જ શીખ્યા છે. આર્યસમાજના ક્ષેત્રમાં મેં મારા પ્યારા મિત્રો બનાવ્યા. આર્યસમાજના ક્ષેત્રમાં જ મેં સાર્વજનિક જીવનની પવિત્રતાના નમૂના જોયા.

આર્યસમાજના મારી પર અગણિત અને અસીમ ઉપકારો છે. જો મારું સર્વસ્વ આર્યસમાજ પર ન્યોછાવર થઈ જાય તો પણ હું એના ઉપકારોનું ઋણ ચૂકવી શકું તેમ નથી. જો હું આર્યસમાજમાં દાખલ ન થાત તો ઈશ્વર જ જાણે શું થાત, પરંતુ એ સાચું છે કે હું આજે જે કંઈ છું તે ન હોત.

– લાલા લાજપતરાય

# ईश्वर को धोखा देने के ढंग

डॉ. दीनानाथ सिद्वान्तालंकार

संसार के व्यहार में कई लोग रिश्वत देकर अपना काम निकाल लेते हैं। मनुष्य यह समझता है कि इस रिश्वत के जादु से वह परमात्मा को रिझा लेगा। अपने पापों को छिपाने व उनके फल को बचाने के लिए वह अपने–अपने धार्मिक विश्वासों के अनुसार अनेक प्रकार के ढोंग करता हैं। तीर्थ स्थानों की यात्रा, कब्र–मजारों की पूजा, दरगाहों पर चादर चढाना, सेवियां चढाना, विविध प्रकार के और विशिष्ट अवसरों पर पूजा–पाठ, दान, यज्ञ, अखण्ड कीर्तन, इष्टपूर्ति के लिए मन्दिरों, पूजा स्थानों पर चढावा – इत्यादि अनगिनत प्रकार के व्यय साध्य और कष्टप्रद ढोंग किए जाते हैं। कुछ समृद्ध व्यक्ति किसी पण्डित–पुरोहित को प्रतिदिन घर में आकर पूजापाठ जाप आदि करने के लिए मासिक वेतन देकर अपने को धर्मात्मा समझने का गर्व करते हैं।





आज के युग में गुरु–चेला लीला का जोर है। हवाई जहाजों और जेट विमानों पर यात्रा करने, विदेशों में जा शिष्य–शिष्याएं मूंडने, बडे आलिशान ढंग से रहने, अंग्रेजी मे भाषण देने, बढिया होटलों मे ठहरने, संसार के सब भोग करते हुए भी तीन महीने में योगविद्या में पारंगत कर देने और ईश्वरदर्शन कराने का दावा करने वाले – पहले से निश्चित करके ही एकान्त में मिलने इत्यादि ढोंगों में चतुर कनफुकवे गुरुओं की आजकाल बडी चर्चा है। ये लोग एजेण्टों, समाचारपत्रों तथा अपने भव्य, मनमोहक चित्रों के साथ आकर्षक पुस्तक–पुस्तीकाओं इत्यादि प्रचार के आधुनिक माध्यमों से पहले इश्तिहारबाजी देश–विदेश में करते कराते हैं। इनका विशेष लक्ष्य धनी व्यापारी, उच्च सरकारी नौकर, मन्त्री, विधानसभा व संसद सदस्य, सुन्दर युवतियाँ इत्यादि को अपने जाल में फंसाना होता है। भारत में कुछ ऐसे भी तथाकथित गुरु आज अपना जाल बिछाने में सक्रिय हैं जिन्हें विदेशी संस्थाओं से इसलिए गुप्त सहायता मिलती है ताकि वे भारत के नैतिक पतन में सहायता दें। कई चोर – बजारिये और तस्करिये अपने काले धन को श्वेत रुप देने के लिए इन आधुनिक योगियों और गुरुओं का पल्ला पकड लेते हैं।



# શ્રદ્ધાસુમન

## આર્યસમાજ જૂનાગઢના
## પ્રમુખશ્રી પેથલજીભાઈ નાથાભાઈ ચાવડા
## જન્મ તા. ૧૫-૦૯-૧૯૩૦
## અવસાન : ૨૫-૧૦-૨૦૧૩

આર્યસમાજ જૂનાગઢના પ્રમુખશ્રી પેથલજીભાઈ નાથાભાઈ ચાવડાનું ટૂંકી બિમારી બાદ તા. ૨૫-૨૦-૨૦૧૩ ના દિવસે નિધન થયેલ છે. તેઓ જાણીતા કન્યા કેળવણીકાર અને પીઢ રાજકીય તેમજ સામાજિક આગેવાન હતા. ડૉ. સુભાષ એકેડેમીના કુલપિતા હતા. તેમની ઈચ્છા પ્રમાણે તેમની અંતિમ યાત્રા બેન્ડવાજા સાથે શહેરના મુખ્ય માર્ગેથી પસાર કરી સ્મશાનમાં લાવવામાં આવી. સ્મશાન યાત્રામાં શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, રાજકીય-સામાજિક-શૈક્ષિણક આગેવાનો, પ્રજાજનો હજારોની સંખ્યામાં જોડાયા હતા.  સોનાપુરી સ્મશાનમાં આર્યસમાજ દ્વારા અંતિમ સંસ્કાર પૂરેપૂરી રીતે વૈદિક મંત્રોચાર ઉપયોગ કરી હજારોની સંખ્યામાં આહુતિ આપી પંચમહાભૂતમાં તેમના પાર્થિવ દેહનું વિલિનીકરણ કરવામાં આવ્યું. આ સમયે તેમના પરિવારની બહેનો તથા આર્યસમાજની બહેનો પણ જોડાઈ હતી. અને શ્રદ્ધાંજલિની આહુતિ આપી હતી. આર્યસમાજ જુનાગઢને એક મોટી ખોટ પડી છે. તેમના પુત્ર શ્રીજવાહર ચાવડા માણાવદર વિસ્તારના ધારાસભ્ય છે.

શ્રી પેથાલજીભાઈ ને આર્યસમાજના સંસ્કાર પિતા શ્રી નાથાભાઈ કાળાભાઈ પાસેથી મળ્યા હતા. પોતાના મૂળવતન હડમતિયા તા. ધોરાજી, જિ. રાજકોટ માં આર્યસમાજની સ્થાપના પણ કરેલ હતી. પોતાની જ્ઞાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાતી હતી, તેમાં સુધારવાદ નો પ્રવાહ વહેતો કરવાની પ્રેરણા તેઓને આર્યસમાજ પાસેથી મળી હતી. તેઓમાં સ્પષ્ટ વક્તાનો ગુણ આર્યસમાજનાં સંસ્કારો ને કારણે ખીલ્યો હતો. સાહસી તો હતા જ આથી આર્યસમાજનો સત્ય માર્ગ જલ્દી સ્પર્શી ગયો. તેઓનો પરિવાર પિતાના વારસાને આગળ વધારશે એવી અપેક્ષા અસ્થાને નથી.

સદ્ગતની સ્મૃતિમાં સુભાષ પેલેસ જૂનાગઢ ખાતે શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રાંતીય સભાના પ્રમુખ શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલ અને વિવિધ આર્યસમાજના પદાધિકારીઓ હાજર રહ્યા હતાં.

## વૈદિક શબ્દ કોઠો

• શાંતિલાલ ધૂળકોટિયા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | વા | | | ■ | 2 | | | | |
| 3 | | | ■ | 4 | | પૂ | | | દ |
| 5 | | | | | ■ | 6 | લં | | ર |
| 7 | | ર | | લ | ■ | 8 દ | | બા | |
| 9 | | | | ■ | 10 | | | | ■ |
| 11 | | | | | | ■ | 12 | | |
| 13 | ક | | | ■ | 14 | | ય | | |

**દરેક આડી લાઇન**

૧ ટંકારા ના કયા લતા મા સ્વામી દયાનંદ નો જન્મ થયો હતો (૪)

૨. સ્વામી દયાનંદ નું મૂળ નામ શુ હતું ( ૫)

૩. કયા પ્રાણી ઓને શિવલીંગ ઉપર ફરતા જોઇ મૂળ શંકર ના પૂર્વ સંસ્કારો ઉજાગર થયા (૩)

૪. બ્રહ્મચારી શુધ્ધ ચૈતન્ય ને સંન્યાસની દીક્ષા કોણે આપી ( ૬)

૫. વર્ષોની રઝળપાટ બાવા સાધુઓના મેળાપ ને અંતે કયા ગુરુ થી દયાનંદ સંતુષ્ટ થયા (૫)

૬. દંડી સ્વામી વિરજાનંદ કયા જિલ્લા ના કરતારપુર પાસેના ગંગાપુર નિવાસી હતા (૪)

૭. મથુરા વિદ્યાભ્યાસ દરમ્યાન દયાનંદ કયા ઉદાર દિલ વ્યકિત ને ત્યાં ભોજન કરતા (૫)

૮. વિરજા નંદ ની પાઠશાળા આ નામે પણ ઓળખાતી (૪)

૯. દર બાર વર્ષે ભરાતા કયા કુંભ મેળામાં દયાનંદે પાખંડ ખંડન પતાકા ફરકાવી (૪)

૧૦.કયા વિષય ઉપર દયાનંદ અને કાશીપંડિતો વચ્ચે શાસ્ત્રાર્થ થયો હતો (૫)

૧૧.દયાનંદ રચિત આ ગ્રંથ અત્યાર સુધી બાવીશ ભાષાઓમાં અનુવાદ થઇ ચુક્યો છે (૬)

૧૨.પ્રથમ આર્ય સમાજની સ્થાપના કયા શહેર માં થઇ (૩)

૧૩.એ કયુ રાજઘરાના શિવ મંદિર હતું જેની ગાદીની લાલચ સ્વામીજી ને આપવામા આવી (૪)

૧૪.અજમેરના કયા સ્થાને સ્વામી દયાનંદે અંતિમ શ્વાસ લીધા (૫)

**શબ્દ કોઠાનો ઉકેલ આવતા અંકે. સાચા જવાબ આપનારના નામ આગામી અંકમાં છપાશે.**

# पहले पाप, फिर बचने के छल-कपट

मनुष्य पहले पाप करता है, फिर उसके फल से बचने के लिए कितना छलकपट करता है। महाभारत में महर्षि व्यास का कथन इस विषय में कितना सार्थक है।

फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति यत्नतः।
फलं पुण्यस्य चेच्छन्ति पुण्यं न कुर्वन्ति सर्वथा॥
धर्मं प्रसङ्गादपि नाचरन्ति, पापं प्रयत्नेन समाचरन्ति।
आश्चर्यमेतत् हि मनुष्यलोकेऽमृतं परित्यज्य विषं पिबन्ति॥

पाप का फल नहीं चाहते पर यत्न से पाप करते हैं, पुण्य का फल चाहते हैं पर पुण्य सर्वथा नहीं करते । धर्म का गौण रूप से भी पालन नहीं करते, पाप खुब प्रयत्न से करते हैं। यही बडा आश्चर्य है कि मनुष्य अमृत छोडकर विष का पान कर रहा है।



## :: લવાજમ ::

**આર્યવૈદિક દર્શનના ગ્રાહકોને જેમના લવાજમ પૂરા થઇ ગયા છે તેઓ પ્રતિ વર્ષ રૂા. ૧૦૦ લવાજમ મોકલવા વિનંતી છે.**
**જેમને બે વર્ષ થઇ ગયા છે તેમણે રૂા. ૩૦૦ મોકલવા વિનંતી**

**દરેક ગ્રાહકના સરનામાં ઉપર તેમનું લવાજમ ક્યાં સુધીનું આવેલ છે. તે મહિનો તથા વર્ષ દર્શાવેલ છે. તેથી જ્યાંથી પુરુ થતુ હોય ત્યારબાદ નું લવાજમ વર્ષના રૂા. ૧૦૦ લેખે મોકલવા વિનંતી છે.**

**-----આભાર-----**

**પ્રવીણભાઇ ઠાકર (વ્યવસ્થાપક – આ.વૈ.દ.)**
**C/O આર્યસમાજ, હાથીખાના, રાજકોટ – ૩૬૦ ૦૦૧.**
**લવાજમની રકમ મનીઓર્ડરથી મોકલવા વિનંતી**

**નોંધ :- શુભેચ્છા પ્રતિ મેળવનાર જો નિયમિત સભ્ય બનવા ઇચ્છતા હોય તો તેઓ પણ રૂા. ૧૦૦ મનીઓર્ડરથી મોકલી આપવા વિનંતી...**

## ઓક્ટોબર –૧૩ વૈદિક શબ્દકોઠાનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 આ | ધિ | ભૌ | તિ | ક | ■ | 2 પિં | ડ | દા | ન |
| આ | ધિ | દૈ | વિ | ક | ■ | 3 ગ | યા | શ્રા | ધ |
| આ | ધ્યા | ત્મિ | ક | ■ | 4 કા | રિ | ત | ક | ર્મ |
| ■ | ■ | ■ | ■ | 5 સ | ત્યા | ર્થ | પ્ર | કા | શ |
| 6 લા | લા | લા | જ | ય | ત | રા | ય | ■ | ■ |
| 7 વિ | દ્યા | દા | ન | ■ | 8 પ્ર | યા | ગ | રા | જ |
| 9 બ્રા | હ્મ | ણ | ગ્રં | થ | ■ | 10 ય | જુ | ર્વે | દ |
| 11 ઉ | ચાં | સુ | જા | પ | ■ | 12 વૈ | ત | ર | ણી |

# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

त्वं हि विश्वतोमुख विश्वतः परिभूरसि ।
अप नः शोशुचदधम् ।। ३९ ।।

**વ્યાખ્યાન :** હે અગ્ને પરમાત્મન્ ! त्वं, हि આપ જ विश्वत:परिभूरसि સર્વ જગત સર્વ સ્થાનમાં વ્યાપ્ત છો. તેથી આપ વિશ્વતોમુખ છો. હે સર્વતોમુખ અગ્ને ! આપ સ્વશક્તિથી સર્વ જીવોનાં હૃદયમાં નિત્ય જ સત્ય ઉપદેશ કરી રહ્યા છો, તે જ આપનું મુખ છે. હે કૃપાલ ! अप नः शोशुचदधम् આપની ઈચ્છાથી અમારા સર્વ પાપ નષ્ટ થઇ જાય જેથી અમે લોકો નિષ્પાપ બનીને આપની ભક્તિ અને પાલનમાં નિત્ય તત્પર રહીએ. ॥ ૩૯ ॥

## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા

**અંધવિશ્વાસ** :– લક્ષ્મીનું આહ્વાન કરવાથી જ લક્ષ્મી ઘરમાં આવે છે અને ઘરમાં રહે છે. એવું પુરાણોમાં લખ્યું છે.

**નિવારણ** :– પુરાણોમાં કલ્પના કરવામાં આવી છે કે લક્ષ્મી, નારાયણની પત્ની છે. જેવી રીતે શંકરના પત્ની પાર્વતી છે તે જ રીતે નારાયણની પત્ની લક્ષ્મી છે. કોઈની પત્નીને પોતાના ઘરમાં બોલાવી અને ઘરમાં રાખવાની ઈચ્છા કરવી એ તો ધર્મની વિરુધ્ધ છે. જો લક્ષ્મીને આપણા ઘરે બોલાવીને તેની પૂજા–સત્કાર કરવાની ઈચ્છા હોય તો પહેલા તો તેના પતિને આમંત્રણ આપવું જોઈએ. પતિ–પત્ની બંને જ સાથે આવે એજ ધર્મ કહેવાય છે. લક્ષ્મીના પતિ નારાયણને વિષ્ણુ કહેવામાં આવે છે. નારાયણ અને વિષ્ણુ બંનેનો અર્થ એક જ થાય છે જે કણ–કણમાં રહે છે તે વિષ્ણુ છે, જે નર–નારીના હૃદયમાં વસે છે તે નારાયણ છે.

યજ્ઞને વિષ્ણુ પણ કહેવામાં આવે છે. ઈશ્વર યજ્ઞ સ્વરૂપ છે, શકિત અર્થાત્ લક્ષ્મી આપ મેળેજ ત્યાં નિવાસ કરશે જે ઘરમાં દરરોજ યજ્ઞકર્મ થાય છે, અગ્નિહોત્ર થાય છે. તે ઘરમાં સુખ–સમૃધ્ધિ–સમ્પત્તિ અને શાંતિનો વાસ હોય છે. જ્યાં પ્રભુનો વસવાટ હોય ત્યાં કઈ વસ્તુની કમી હોય ? પરોપકારનાં બધાં જ કર્મ 'યજ્ઞ' કહેવાય છે. તેથી જ યજ્ઞને સર્વશ્રેષ્ઠ કર્મ કહેવામાં આવેલ છે, વૈદિક શાસ્ત્રોનો આદેશ છે કે જેઓ સ્વર્ગની કામના કરતા હોય તેમણે યજ્ઞ કરવો જોઈએ.

યજ્ઞકર્તા જ સ્વર્ગના અધિકારી છે. સ્વર્ગ શું છે ? સુખ વિશેષને સ્વર્ગ કહે છે. દુઃખ વિશેષને જ નરક કહે છે. સ્વર્ગ કે નરક નું કોઈ અલગ સ્થળ નથી. આ સંસાર માં જ સ્વર્ગ મળે છે.

જે લોકો ધન–સંપત્તિના ભંડાર થી હંમેશા ભરપૂર રહેવા ઈચ્છતા હોય, ક્યારેય ધનનો અભાવ ન રહે, તો તેઓએ પોતાના ઘરમાં નિયમિત યજ્ઞ–અગ્નિહોત્ર કરવો. જેનાથી વાયુ મંડળ તો શુધ્ધ થાય જ છે, સાથે–સાથે સ્વાસ્થ્ય પણ સારુ રહે છે, બીમારીઓથી બચી શકાય છે બુદ્ધિનો વિકાસ થાય છે, શારીરિક–માનસિક–સામાજિક ઉન્નતિ થાય છે, ધન–સંપત્તિ – સમૃધ્ધિની કમી રહેતી નથી. જીવનમાં સુખ–શાંતિ આવે છે. આ જ સ્વર્ગ છે.

જો લક્ષ્મીની ઈચ્છા હોય તો નારાયણને આમંત્રણ આપવું જ પડશે.

BOOK-POST

પ્રેષક :-
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ,
ટંકારા - ૩૬૩૬૫૦.
જિ. રાજકોટ

પ્રતિ, ____________________

**પ્રકાશક અને મુદ્રક :** શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, (પ્રધાન) એ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા માટે નચિકેત આર્ટ પ્રિન્ટર્સ – ૧૧, ગેલેકસી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ. મો. : ૯૮૨૪૨ ૧૮૩૨૩, E-mail : alpaprinters@yahoo.com માં છપાવી પ્રકાશન કાર્યાલય આર્ય સમાજ ટંકારાથી પ્રસિધ્ધ કર્યુ.
**સંપાદક :** હસમુખ પરમાર –૯૮૭૯૩ ૩૩૩૪૮, **સહ સંપાદક :** સદગુણા આર્યા –૯૯૨૫૨ ૨૪૨૮૬, **વ્યવસ્થાપક :** પ્રવીણ ઠાકર – ૯૪૨૮૨૦૨૪૫૮